રજુ તારીખ : ૨૦/૦૧/૨૦૨૧

દાખલ તારીખ : ૨૦/૦૧/૨૦૨૧

ફેસલ તારીખ : ૧૩/૧૧/૨૦૨૪

વર્ષ : ...., માસ : ..., દિવસ : ....,

सत्यमेव जयते

**40 Additional Chief Judicial Magistrate Court, Ahmedabad City**

**ફોજદારી કેશ નં. ૭૦૮૮/૨૦૨૧**

**આંક –**

શ્રી સરકાર ... **ફરિયાદી**

વિરૂધ્ધ.

**લાલાભાઈ જગમલભાઈ ચુનારા,** ... **આરોપી**

રહે. નિકોલ ગામ, ચુનારા વાસ, અમદાવાદ

**ગુન્હો : ધી. ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ– ૬૬(બી),૬૫(ઈ).........મુજબ.**

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી – નિમિષાબેન શાહ

આરોપી તરફે વિ.વકીલ શ્રી

---

**:: ઠરાવ ::**

**(૧.૦)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તારીખ ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે વગર પાસ પરમીટે ગેરકાયદેસર ભારતીય બનાવટનો દેશી દારૂ લીટર–૪૧ જે કિંમત રૂા.૮૨૦/– ની મત્તાનો મુદામાલ રાખી મળી આવેલા.

**(૧.૧)** આ સબંધે પોલીસ અધિકારી ની ફરીયાદ અનુસંધાને આરોપી સામે ગુન્હો દાખલ થયા બાદ તપાસ કરનાર અમલદારે જરુરી તપાસ કરી આરોપી સામે **ધી. ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(બી),૬૫(ઈ) મુજબનો** ગુન્હો બનતો હોવાનુ દર્શાવી

હાલનુ ચાર્જશીટ રજુ કરેલ, જેને ફોજદારી કેસ રજીસ્ટરે લઈ હાલનો કેસ નંબર આપવામાં આવેલ.

**(૨.૦)** આરોપી હાજર થતા તેઓને કેસની નકલ પૂરી પકડાવામાં આવેલ છે. અને તહોમતનામું ફરમાવેલ જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈનકાર કરતા કામ પુરાવા પર લિધેલ.

**(૩.૦)** ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખીક પુરાવો</u> :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૫ | ફરીયાદી રમેશભાઈ જેસંગભાઈની જુબાની લીધી. |
| ૨. | ૦૭ | પંચ સાહેદ રામનરેશ કલુભાઈ પારસીનાઓની જુબાની. |

**<u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરીયાદ/એફ. આઈ. આર. (કોર્ટ દ્વારા આંક આપેલ છે.) |
| ૨. | ૦૮ | પંચનામાની નકલ. |

**(૪.૦)** હાલના કેસના કામે પડેલ પૂરાવાની હકિકતો ધ્યાને લેતા અન્ય સાક્ષીઓ ને તપાસેથી પણ કેસના ગુણ દોષને અસર થતી હોય તેમ ન જણાય આવતા ફરીયાદ પક્ષના પુરાવાનુ સ્ટેજ બંધ કરેલ છે. રેકર્ડ પર આવેલ પુરાવાને ધ્યાને લેતા આ કામના આરોપી વિરુધ્ધ કલમ– ૩૧૩ સી.આર.પી.સી મુજબ વિશેષ નિવેદન નોંધવા પાત્ર હકિકતો જણાતી ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫.૦)** ફરીયાદપક્ષની રજુઆત રેકર્ડ મુજબની હોવાનુ તથા બચાવ પક્ષને રેકર્ડ પર આરોપી વિરુધ્ધ સ્વતંત્ર સાહેદનો પુરાવો ન હોવાની હકીકતો ધ્યાને લીધી.

**(૬.૦)** કેસની ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબિ શંકાથી પર સાબીત કરે છે કે, આરોપીએ તા.૧૩/૦ર/ ૨૦૨૦ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે વગર પાસ પરમીટે ગેરકાયદેસર ભારતીય બનાવટનો દેશી દારૂ લીટર-૪૧ જે કિંમત રૂા.૮૨૦/- ની મત્તાનો મુદામાલ રાખી મળી આવેલા. તેમ કરીને તેઓએ **ધી. ગુજરાત પ્રોહી. એકટ કલમ-૬૬ (બી),૬૫(ઈ) મુજબનો** ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૬.૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**(૭.૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.**

**:: કારણો ::**

**મુદ્દા નં.૧ :-**

**(૭.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્ર ના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો રહે છે. જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા જરુરી છે.

(૭.૨) ફરીયાદી રમેશભાઈ જેસંગભાઈ, આંક–૦૫ થી સોગંદ ઉપર જણાવે છે. કે તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ તેઓને બાતમી મળેલ. તે આધારે બે પંચોને સાથે રાખી હકીકતવાળી જગ્યાએથી તમો આરોપી મળી આવેલ. તથા સદરી પાસેની મીણીયાની થેલીમાં જોતા ૧ લીટરની ક્ષમતાવાળી કુલ્લે ૩૮ થેલી તથા ૫૦૦ એમએલની કુલ ૬ થેલી મળી આવેલ. તથા પાસ પરમીટ માંગતા ન હોવાનું જણાવેલ. જે મુદામાલ પંચનામાની વિગતે તેઓએ ધોરણસર કબજે કરેલ હતો. જેથી તમો વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ પો.સ્ટેમાં આપેલ હતી. જે ફરીયાદની ખરી નકલ તેઓને બતાવવામાં આવે છે. જેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે દાખલ આંક–૦૬ થી રજૂ થયેલ છે. પંચ સાહેદ રામનરેશ કલુભાઈ પારસી, આંક–૦૭ થી સોગંદ પર જણાવે છે. કે તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં તેઓ પોતાની સહી પંચ નં. ૨નાઓ તરીકે ઓળખી બતાવે છે. જે આ કામે દાખલ આંક–૦૮ થી રજૂ થયેલ છે.

(૭.૩) હાથ પરના કામમાં આરોપી **કોઈપણ જાતના પાસ પરમીટ વગર પ્રોહીબીટેડ મુદામાલ રાખી મળી આવેલ** હોવા અંગેનો ફરીયાદ પક્ષનો આક્ષેપીત કેસ છે. રેકર્ડ સુચવે છે કે કાર્યવાહી દરમ્યાન પ્રથમ પંચનામુ કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદ આપવામાં આવેલ છે, આમ છતાં ફરીયાદમાં પંચોના નામ લખાવવામાં આવેલ નથી. પંચ સાહેદને તપાસવામાં આવેલ છે પરંતુ તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. નામદાર બોમ્બે હાઈકોર્ટની ડીવીઝન બેંન્ચે '**Shanwar Manu Koli V. Emperor**' ના કામના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ બાબતોને નામદાર હાઈકોર્ટે '**સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભીમાભાઈ કાળીદાસ પટેલ (૧૯૮૫ જી. એલ. એચ. ૫૮૨)**' ના કામે ધ્યાને લઈ નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, "**Where the law makes it obligatory for a search to take place in presence of panchas and a search has**

not taken place in presence of panchas and the only evidence on which the prosecution ask for a conviction of the accused is police evidence, then certainly the Court should not ordinarily act on that evidence. Because the law has provided a certain safeguard by way of a panchnama being made and a search taking place in presence of panchas, and, in the absence of that safeguard, it would generally not be safe to convict an accused person. The absence of that safeguard would be prejudicial to the accused, and in most cases that prejudice is apparent in the very fact of doing away with the safeguard provided by the law."

આ સબંધે નામદાર કોર્ટે નોંધેલ છે કે "The Division Bench has then proceeded to consider a third class of cases where although the law does not make it obligatory for a search to take place in presence of panchas still in the view of the information already received there is sufficient time for panchas to be called and a seizure to be made in presence of panchas. In this connection, it has been observed that although the law does not make it obligatory, it would be advisable on the part of the police in such cases to raid a place or seize incriminating articles accompanied by panchas. The police should as far as possible avoid any suggestion being made that they have not taken all the precautions which are necessary in order to safeguard the liberty of the subject. If the police do not avail themselves of panchas in the last category of cases, the result would not be that the

**police evidence must necessarily be discarded and no conviction can be based on that evidence. But the Court must very carefully scrutinize the police evidence which would be the only evidence before it on which a conviction could be based. If after careful scrutiny the Court is satisfied that the evidence is such as can be safely acted upon it would certainly be open to the Court to act on that evidence. Thus, on principle it can be stated that it is possible to convict a person on the sole evidence of a police officer and law does not require that such evidence should be corroborated.**''

(૭.૪) હાથ પરના કામમાં બાતમી મળ્યા બાદ પંચોને સાથે રાખવા માટે પુરતો સમય હતો, ફરીયાદપક્ષ પંચોને સાથે રાખીને કાર્યવાહી કરેલ તેવી હકીકત સાથે આવેલ છે. પરંતુ પંચ સાહેદનો મૌખીક પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. એ રીતે પંચનામાની કાર્યવાહી પંચોની હાજરીમાં તટસ્થ રીતે થયેલ હોવાનુ જણાતુ નથી. વધુમાં નોંધવામાં આવે તો, બનાવ વાળો વિસ્તાર માણસોની અવર જવર વાળો વિસ્તાર છે તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી.

(૭.૫) સમગ્રપણે જોવામાં આવે તો, આ કામે તટસ્થ રીતે કામગીરી થયેલ હોવા નુ જણાતુ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનુ ઠરાવી એ રીતે મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**<u>મુદા નં. ૨ ::–</u>**

**<u>::::હુકમ::::</u>**

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૨૪૮(૧) અન્વયે તેઓ સામેના આક્ષેપીત **ધી. ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(બી),૬૫(ઈ) મુજબનાં** શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયે **શકનો લાભ આપી નિર્દોષ ઠરાવવામાં આવે છે.**

૨. અપીલ સમય વિત્યે : ૧) પ્રોહીબીટેડ તમામ મુદામાલ તથા તેનો સંગ્રહ કરવા માટે વપરાયેલ સાધનોનો નાસ કરવો. ૨) મુદામાલ વાહન જો કબજે થયેલ હોય તો તે સબંધે વચગાળાના તબકકે થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા તે વાહન તેના આર. સી. બુક મુજબના માલીક ને પરત કરવુ. ૩) મુદામાલ મોબાઈલ જે વ્યકિત પાસે થી કબજે થયેલ છે તેઓને પરત કરવા.

૩. હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

૪. આ કામના આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી કલમ–૪૩૭(એ) CRPC ના કામે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ

તા. ૧૩/૧૧/ ૨૦૨૪

**( વિપિન કુમાર બંસલ )**
૪૦માં એડી.ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૩
અમદાવાદ શહેર